ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૮.૦ ડીગ્રી
લઘુતમ : ૧૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૬ ટકા ● સાંજે ૫૬ ટકા

# આધુનિક ચબુતરો, પક્ષી સેવાનું નવું સ્વરૂપ

## શહેરમાં વેચાઈ રહ્યા છે ગેલ્વેનાઈઝ પતરામાંથી બનેલા ચબુતરાઓ : રાજસ્થાની લુહાર પરિવારની કલા

ગાંધીનગર, તા.૧૧

શહેરમાં પોતાની રોજી રોટી કમાવા માટે નાના નાના વેપારીઓ ફૂટપાથ પર ધંધો કરી રહ્યા છે ત્યારે રાજસ્થાના સિરોહી જિલ્લામાંથી આવેલ બરલુટ ગામના વેપારીઓ પોતાની રોજી રોટી માટે ગેલ્વેનાઈઝની ચીજવસ્તુઓનો ધંધો કરી રહ્યા છે. જેઓ શહેરના સર્કલો પાસે બસીને તથા સેકટરે સેકટરે જઈને પોતાની જાતે તૈયાર કરેલી ચીજવસ્તુઓનું વેચાણ કરી રહ્યા છે.

રાજસ્થાનથી આવેલા ગાડલીયા લુહાર પરિવારના સભ્યો ગેલ્વેનાઈઝમાંથી વિવિધ ચીજવસ્તુઓ બનાવી રહ્યા છે જેમાં ચબુતરા, ચૂલા, બાટીનું કૂકર, સગડી વિગેરે... મહેસાણામાંથી ગેલ્વેનાઈઝના પતરા ખરીદીને લાવે છે જેનો ભાવ ૧ કિલો પેટે ૧૨૦ રૂપિયા છે. આ પતરામાંથી વિવિધ આકારો આપીને સુંદર મજાના ચબુતરા તથા અન્ય સામગ્રીઓ બનાવે છે. એક ચબુતરો બનાવતા લગભગ ૪થી ૫ કલાક જેટલો સમય લાગી જાય છે. એક ફૂટથી પાંચ ફૂટ સુધીના ચબુતરા તેઓ બનાવી આપે છે. ગ્રાહકોને જોઈએ તે પ્રમાણેના ચબુતરાની બનાવટ કરી આપે છે. આ પરિવાર ચાંર પાંચ વર્ષથી ગુજરાતમાં ધંધાર્થી તરીકે આવે છે. જેમાં કુલ પંદરેક સભ્યો છે. તમામ પરિવારના સભ્યો સવારથી સાંજ ખૂબ મહેનત કરીને ચીજવસ્તુઓ બનાવે છે અને રોજીરોટી કમાય છે. તેઓને રહેવા માટે કોઈ સુવિધા પણ ઉપલબ્ધ થઈ



નથી. આવી કડકડતી ઠંડીમાં પણ તેઓ ખુલ્લા મેદાનો, ખેતરોમાં આશરો લઈને ધંધો કરી રહ્યા છે. ન્યુ વાવોલ વિસ્તારમાં હમણાં તે માર્ગની બાજુમાં પોતાનો વ્યવસાય પાથરીને આજીવિકા માટે મહેનત કરી રહ્યા છે. અને રહેઠાણની સુવિધાની માંગ પણ કરી રહ્યા છે.

ચબુતરો એટલે પંખીઓને બેસવા માટે, ચણવા માટે તેમજ પાણી પીવા માટે કરવામાં આવેલી વ્યવસ્થા, ત્રણ ચાર દાયકા પહેલાંના દરેક ગલી કે ફળીયામાં નાનો કે મોટો ચબુતરો લગભગ જોવા મળતો હતો. ભારતીય સંસ્કૃતિમાં પંખીઓને ચણવા માટે દાણા નાખવાનો અનેરો મહિમા છે જેના પરિણામે ચબુતરાની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. ચબુતરામાં પાણી માટે અલાયદી વ્યવસ્થા કરેલી હોય છે ચબુતરાની આસપાસ ચણ માટેના દાણા નાંખવામાં આવે છે. આ ચણ ખાઈને પંખીઓ પાણી પીને ચબુતરા પર બેસી વિરામ કરી શકે છે. એક સમય હતો જયારે મોટાભાગના ગામના પાદરે ચબૂતરો જોવા મળતો. ગામ છોડો આજે પણ અમદાવાદના પોળ વિસ્તારમાં જશો તો તમને પોળના પ્રવેશ દ્વારમાં પ્રાચીન ચબુતરા જોવા મળશે. હવે આધુનિક બાંધકામમાં તો ચબુતરા ભૂલાઈ જ ગયા છે.

ચબુતરા ન હોવાથી મોટાભાગના ફલેટો અને સોસાયટીઓમાં કબૂતરોનો ત્રાસ હોવાની ફરિયાદ સાંભળવા મળે છે. અગાઉ ગામના પાદરે ચબૂતરો ખાસ કબૂતરો માટે બનાવવામાં આવતો હતો. ચબૂતરામાં કબૂતર રહેતા, ઈંડા મુકતા, બચ્ચા મોટા કરતા. આ ચબુતરાની નીચે મોટો ઓટલો બનતો જયાં ગામના નાગરિકો ભેગા થઈને બેસતા અને બાળકો સાંજ પડે રમતા. એ સમયે ગામે ગામ આવા ચબૂતરા હોવાથી પક્ષીઓને દાણ કે પાણીની ચિંતા કરવી પડતી નહતી. વળી ગરમીમાં પણ તે ચબૂતરાની ઠંડકમાં આશરો લઈ શકતા હતા. ચબૂતરો ગામના નાગરિકો અને પક્ષીઓના સહજીવનનું એક ઉત્તમ પ્રતિક બની રહેતો હતો.

શહેરી વિસ્તારમાં ચબુતરાઓની વ્યવસ્થા ઓછી હોવાથી ફલેટોમાં પક્ષીઓ ગંદકી કરી રહ્યા છે. એક સમયે જાજરમાન દેખાતા ચબુતરા તરફ હવે કોઈનું ધ્યાન સુધ્ધાં નથી જતુંત્યાં કાં તો પ્લાસ્ટર કરી દેવાયા છે, પોસ્ટર ચોંટાડી દેવાયા છે. આગામી પેઢીઓને ચબુતરાની પ્રથા અંગે ખબર પણ હશે કે કેમ તે મોટો સવાલ છે.

## જન્મદિને વધામણી



ઠાકોર ઐશ્વર્યા તારકકુમાર



ઠાકોર કાન્તાબેન શંભુજી
મો. ૯૭૧૪૬ ૬૫૬૧૮



કાવ્યા છાયા ત્રિવેદી
મો. ૯૭૨૪૩ ૧૭૩૫૮



યુવરાજ પરેશભાઈ રાવળ
મો. ૯૯૯૮૫ ૫૭૨૩૩

# નહેરુ યુવા કેન્દ્ર આયોજિત જિલ્લા કક્ષાની વકતૃત્વ સ્પર્ધા યોજાઈ




ગાંધીનગરના નહેરુ યુવા કેન્દ્ર દ્વારા ભારતની આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત જિલ્લા કક્ષાની વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનો મુખ્ય વિષય હતો 'ભારતના નવનિર્માણમાં યુવાઓની ભૂમિકા.' ગાંધીનગર યુથ હોસ્ટેલ ખાતે આયોજિત આ કાર્યક્રમમાં જિલ્લાના કુલ ૯ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં દ્વિજેશ ચૌહાણ પ્રથમ, શિવાંશ મોઢ દ્વિતીય તેમજ અજયસિંહ ઠાકોર તૃતીય સ્થાને વિજેતા બન્યા હતા. પ્રથમ સ્થાને વિજેતા બનનારા સ્પર્ધક રાજ્યકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા માટે હકદાર બન્યા હતા.

સ્પર્ધામાં નિર્ણાયક તરીકે જાણીતા નાટ્યકાર-પત્રકાર કુંતલ નિમાવત, નહેરુ યુવા કેન્દ્રના પૂર્વ યુવા સંયોજક રજનિકાંત સુથાર અને જિલ્લાના જાણીતા યુવા નેતા જયેશભાઈ ચૌધરીએ પોતાની સેવાઓ આપી હતી. કાર્યક્રમના આરંભે રાષ્ટ્રનિર્માણમાં યુવાઓની ભૂમિકા વિષયે કુંતલ નિમાવત દ્વારા માર્ગદર્શક પ્રવચન આપવામાં આવ્યું હતું. સ્વાગત પ્રવચન અને સ્પર્ધાની ભૂમિકા ગાંધીનગર જિલ્લા નહેરુ યુવા કેન્દ્રના યુવા સંયોજક પંકજ મરેચા દ્વારા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન કેન્દ્રના યુવા સ્વયંસેવકો દ્વારા કરવામાં આવ્યું હતું.

# ઘ-૫ ફુડ કોર્ટના પાછળના ભાગે સાફ-સફાઈનો અભાવ



ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરમાં એક તરફ વાઈબ્રન્ટ સમિટની તૈયારીઓ ચાલી રહી છે જે અંતર્ગત પાટનગરને સોહામણું દેખાડવા કવાયત હાથ ધરવામાં આવી છે. બીજી તરફ શિયાળાની શિતળતાને પગલે શહેરના સ્વાદરસિકો સાંજ પડતાં જ ચટાકેદાર વાનગીઓ આરોગવા ખાણીપીણી બજારોમાં ભીડ જમાવી રહ્યાં છે. આ સ્થિતિમાં શહેરની મધ્યમાં ખાણીપીણીનું કેન્દ્ર ગણાતી ઘ-૫ ફુડ કોર્ટની પાછળના ભાગે જાહેર સાફ-સફાઈમાં બેદરકારીના કારણે અહીં નાસ્તો કે ભોજન કરવા આવતાં નાગરિકોના આરોગ્ય માટે જોખમ તોળાઈ રહ્યું છે.

તાજેતરમાં સ્વચ્છતા સર્વેક્ષણ અંતર્ગત ગાંધીનગરને દેશના સ્વચ્છ પાટનગર તરીકે પસંદ કરવામાં આવ્યું છે પરંતુ ગાંધીનગરની વાસ્તવિક સ્થિતિ કંઈક અલગ જ ચિત્ર દર્શાવી રહી છે. શહેરની મધ્યમાં કહી શકાય તેવા મુખ્ય ખાણીપીણી બજાર ઘ-૫ ફુડ કોર્ટ ખાતે સ્વાદ રસિક નાગરિકો લાઈનો લગાડી રહ્યાં પરંતુ ચટાકેદાર વાનગીઓ આરોગવાની લ્હાયમાં તેઓ બિમારીને સાથે લઈને જાય તેવી પરિસ્થિતિ સર્જાવાની શકયતા દેખાઈ રહી છે. ઘ-૫ ફુડ કોર્ટની બરાબર પાછળના ભાગે અવાવરું ખુલ્લા પ્લોટમાં ગંદકીના થર જોવા મળી રહ્યાં છે. આ સ્થળે ગંદકીના કારણે માખી-મચ્છરો જેવા જીવ જંતુઓનો ઉપદ્રવ વધી રહ્યો છે જે નાગરિકોના જાહેર આરોગ્ય માટે ખતરો પેદા થઈ રહ્યો છે. સત્વરે આ સ્થળની સાફસફાઈ કરવામાં આવે તેવી ફુડકોર્ટના વેપારીઓ ઈચ્છિ રહ્યાં છે.

## રેડીયન્ટ સ્કૂલમાં શહીદોને શ્રધ્ધાંજલિ અર્પણ



ગાંધીનગર, તા.૧૧

રેડિયન્ટ સ્કૂલ ઓફ સાયન્સમાં વીર શહીદો માટે શ્રધ્ધાંજલિ કાયક્રમ યોજવામાં આવ્યો હતો. શાળા મેનેજમેન્ટ સ્ટાફ અને વિદ્યાર્થીઓ દ્વારા જનરલ બિપીન રાવત અને અન્ય શહીદોને શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી તેમના માનમાં મૌન પાળવામાં આવ્યું હતું અને તેમના દિવંગત આત્માને શાંતિ મળે તે માટે દરેકે ઈશ્વરને પ્રાર્થના કરી હતી. સંસ્થાના એકેડેમિક ડાયરેકટર ધર્મેશભાઈએ વિદ્યાર્થીઓને ચીફ ઓફ ડીફેન્સ સ્ટાફ જનરલ બિપીન રાવત અને અન્ય શહીદ થયેલ સૈનિકોના કાર્યો અને તેમના જીવનકાળ વિશે માહિતી આપી હતી અને આવા વીર શહીદોની શહાદતને યાદ રાખવા તેમજ તેમના પરિવારની સુખાકારી માટે પ્રાર્થના કરવા નમ્ર અપીલ કરી હતી.

# સૈનિક શાળાઓના ૮૦૦ શિક્ષકોને તાલીમ આપવા આઈઆઈટીઈના એમઓયુ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરના સે.૧૫ ખાતેની ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન, ઈન્ડિયન ઈન્સ્ટીટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન - આઈ.આઈ.ટી.ઈ. દ્વારા, રક્ષા મંત્રાલય સાથે સૈનિક શાળાઓના શિક્ષકોને તાલીમની સુવિધા આપવા માટે સમજૂતી કરાર કર્યો છે. આજે નવી દિલ્હી ખાતે લેન્ડ એન્ડ વર્ક્સ સંયુક્ત સચિવ અને સૈનિક સ્કૂલ સોસાયટીના માનદ સચિવ તેમજ રક્ષા સચિવ અજય કુમાર અને આઈઆઈટીના વાઈસ ચાન્સેલર ડૉ. હર્ષદ એ પટેલની ઉપસ્થિતિમાં એમઓડી વતી રાકેશ મિત્તલ અને આઈઆઈટીઈના રજિસ્ટ્રાર ડૉ. હિમાંશુ પટેલે એમઓયુ પર હસ્તાક્ષર કર્યા હતા.

આ એમઓયુ જાન્યુઆરી ૨૦૨૨થી શરૂ થતા પાંચ વર્ષના સમયગાળા માટે છે જે અંતર્ગત તમામ સૈનિક શાળાઓના ૮૦૦થી વધુ શિક્ષકોને 'ગુરુદીક્ષા' અને



'પ્રતિબદ્ધતા' નામના અભ્યાસક્રમો દ્વારા તાલીમ આપવામાં આવશે.

આ એમઓયુનો મુખ્ય ઉદ્દેશ્ય આવતીકાલના શિક્ષકોને ભારતીય પરંપરાઓના પરિવર્તનશીલ જ્ઞાન સાથે ઉછેરવાનો અને શિક્ષકોના અભિન્ન વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરીને શિક્ષક શિક્ષણના નવા યુગની શરૂઆત કરવાનો છે.

એમઓયુની કેટલીક અન્ય મુખ્ય લાક્ષણિકતાઓમાં સૈનિક શાળાઓમાં નવી શિક્ષણ નીતિનો અમલ, વિદ્યાર્થીઓમાં નેતૃત્વના ગુણોનો વિકાસ, યુપીએસસી-એનડીએની તૈયારી અને સીબીએસઈ અભ્યાસક્રમનું સમય વ્યવસ્થાપન, શૈક્ષણિક વિષયો માટે યોગ્ય શિક્ષણશાસ્ત્ર (પેડાગોજી)ની પસંદગી, શિક્ષકો અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહન અને પ્રેરણા આપવી, લેસન પ્લાન એસેસમેન્ટ આકારણી વ્યૂહરચના, માર્ગદર્શક તરીકે વિદ્યાર્થીઓના વ્યક્તિગત મતભેદો, ભાવનાત્મક અને વર્તણૂકીય સમસ્યાઓનો સામનો કરવો, એક માર્ગદર્શક તરીકે માતાપિતા સાથે વ્યવહાર અને બોર્ડિંગ સ્કૂલના વાતાવરણમાં શિક્ષક-વિદ્યાર્થી વચ્ચેનો સંબંધ વધારવા અંગેનો સમાવેશ થાય છે. આ પ્રસંગે અધિક સચિવ નિવેદિતા શુક્લા વર્મા અને એમઓડીના અન્ય વરિષ્ઠ નાગરિક અને લશ્કરી અધિકારીઓ હાજર રહ્યાં હતા.

## મહાદેવ દેસાઈ ગ્રામ સેવામાં ફ્રીડમ રન યોજાઈ




ગાંધીનગર, તા.૧૧

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ, સાદરા અને મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલયના સંયુક્ત ઉપક્રમે સાદરા ખાતે માનનીય રાજ્યપાલશ્રીના આહવાન પર આઝાદી કા અમૃત મહોત્સવ કાર્યક્રમમાં યુવાઓનું સંકલ્પ અને શ્રેષ્ઠ ભારતના પાંચ પ્રકલ્પ અંતર્ગત ફ્રીડમ રનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય અતિથી તરીકે રમેશભાઈ પટેલ અને ડૉ. જગદીશચંદ્ર સાવલિયાએ ગ્રીન ફલેગ બતાવીને ફ્રીડમ રનની શરૂઆત કરી હતી અને આ ફ્રીડમ રનમાં અંદાજીત ૬૦૦ વિદ્યાર્થીઓ અને સેવકોએ ભાગ લીધો હતો અને સંપૂર્ણ સાદરા ગામના લોકોને સ્વસ્થ ગામ-અમે સ્વસ્થ ભારતના સંકલ્પ અંતર્ગત સુત્રો અને વ્યાખ્યાન દ્વારા જાગૃત્તિ કરવામાં આવી હતી. આ સંપૂર્ણ કાર્યક્રમના આયોજનની પાછળ સંસ્થાના ડીન ડૉ. જગદીશચંદ્ર સાવલિયા અને મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલયના સંયોજક રમેશભાઈ પટેલની ભૂમિકા વિશેષ રહી હતી સાથે સાથે આ કાર્યક્રમનું આયોજન અને સંચાલન રાષ્ટ્રીય સેવા યોજના એકમના ગૂજરાત વિદ્યાપીઠના સંયોજક ડૉ. અરુણભાઈ ગાંધીના માર્ગદર્શન અંતર્ગત કરવામાં આવ્યું હતું આયોજનમાં પ્રત્યક્ષ રીતે રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. નીરજ સિલાવટ, ડૉ. મોતીભાઈ દેવું અને ડૉ. દિવ્યેશભાઈ ભટ્ટની ભૂમિકા રહી હતી.

## કોબામાં માતાજીના મંદિરનો જીર્ણોદ્ધાર ઉજવાયો



ગાંધીનગર, તા.૧૧

અંબાજી માતા સેવા ટ્રસ્ટ દ્વારા માતાજીના મંદિરનો જીર્ણોદ્ધાર પ્રસંગ યોજાયો હતો. આ મંદિર આશરે ૨૦૦ વર્ષ જુનું છે. પૌરાણિક છે અને માતાજી ભકતોની મનોકામના પૂર્ણ કરે છે. આ પ્રસંગે કોબા ગામે સુરેન્દ્ર પટેલ (કોષાધ્યક્ષ ગુજરાત પ્રદેશ) તથા ભગતભાઈ, મોહન પટેલ (ગાંધીનગર મહાનગર પ્રભારી), હિતેષ મકવાણા (મેયર), પ્રેમલસિંહ ગોલ (ડેપ્યુટી મેયર), રુચિર ભટ્ટ (નગરના અધ્યક્ષ), જશુ પટેલ (સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન) તથા કોર્પોરેટરો પોપટસિંહ ગોહિલ, મીનાબેન પટેલ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## વિદ્યાર્થીઓ અને શિક્ષકો નોબેલ પ્રાઈઝ એવોર્ડ ઉજવણીના વર્ચ્યુયલ સાક્ષી બન્યાં

ગાંધીનગર તા.૧૧

ગુજકોસ્ટ અને સાયન્સ સિટી દ્વારા તા.૧૦મી ડિસેમ્બરે નોબેલ પુરસ્કાર દિવસ નિમિતે બાળકો અને સામાન્ય નાગરિકોને પ્રેરિત કરવાના હેતુસર હાઈબ્રીડ રીતે આઉટરીચ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું,જે વિવિધ શાળાના બાળકોને સ્થાનિક પ્રોફેસરો સાથે અને અંતે સ્ટોકોમ ખાતે યોજાયેલ પ્રતિષ્ઠિત નોબેલ પ્રાઈઝ વિતરણ ઉજવણી સાથે જોડતો હતો. ગુજકોસ્ટના એડ્વાઈઝર ડૉ. નરોત્તમ સાહુએ જણાવ્યું હતું કે ''અમારા શૈક્ષણિક કાર્યક્રમો નોબેલ પ્રાઈઝની લોકોને જ્ઞાન મેળવવા, પ્રશ્નો તેને સમાધાનો અને આપણી દુનિયાને સુધારવા માટે પ્રેરિત કરવાની ક્ષમતાનો લાભ લેશે.''

રાજયભરના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સાયન્સ કોમ્યુનિકેટર્સ સાથે સંવાદ કરતાં પીઆરએલના વૈજ્ઞાનિક ડૉ. અરવિંદ સિંઘે જણાવ્યુ કે કલાઈમેટ સાયન્સએ નેચરલ સાયન્સનો પ્રશ્ન છે અને ખૂબ જટિલ વિષય છે. તેમણે ફિઝિક્સમાં આ નોબેલના મહત્વ વિષે જણાવ્યું કેમકે પ્રથમવાર કલાઈમેટ સાયંસ્ટિસને નોબેલ મળ્યો છે અને જણાવ્યુ કે આ કલાઈમેટ ચેન્જના પ્રશ્નને વધુ સારી રીતે ઉજાગર કરશે. ગાંધીનગર ખાતેની આઈઆઈટીઈના ફેકલ્ટી ડૉ. હેમંત પ્રજાપતિએ જણાવ્યુ કે લોકો જે શોધો અને સુધારાઓ કરે છે આપણે વિવિધ તત્વોના માળખા વિષે સમજાવે છે અને તે કેવી રીતે બદલાવ લાવે છે તે જણાવે છે. તેમણે જણાવ્યુ કે મોલેકલ્યુલ્સના નિર્માણમાં ક્રાંતિ માટે નિર્મિત ટુલ્સ માટે પુરસ્કાર આપવામાં આવ્યો છે. ડૉ. બુદ્ધિસાગર તિવારી એ સુંદર રીતે " નોબેલ પ્રાઈઝ ઈન મેડીસીન ૨૦૨૧'' વિષે સમજાવ્યું હતું. આ સંવાદની સમાપ્તિ વિદ્યાર્થીઓ અને તેમના શિક્ષકો સાથેના લાઈવ વાર્તાલાપ દ્વારા કરવામાં આવી અને તેમને સ્ટોકહોમ ખાતે યોજાનાર નોબેલ પરિતોષિક વિતરણ સમારંભ વર્ચ્યુલી નિહાળવાનો મોકો મળ્યો હતો.



મહાનગરપાલિકાના કોર્પોરેટરો પોતાના મતવિસ્તારમાં ફરીને વસાહતીઓની સમસ્યાઓને સાંભળી રહ્યા છે. સેકટર-૧ અને સેકટર-૮ના મતવિસ્તારમાંથી ચૂંટાયેલા જનપ્રતિનિધિ વસાહતીઓની ફરિયાદ સાંભળવા નીકળ્યા ત્યારે વસાહતીઓએ વિવિધ ફરિયાદો બાબતે રજૂઆત કરી હતી. રખડતા ઢોર અને કુતરાઓ, સ્ટ્રીટલાઈટ અને બગીચાના રીનોવેશન બાબતની વિવિધ ફરિયાદો બાબતે યોગ્ય કાર્યવાહી કરવા રજૂઆત કરવામાં આવી છે.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. વાઘરી પરબત બચુભાઈ, ઉ.વ. ૩૮, સે-૨૪, ઈન્દિરાનગર
- સ્વ. ઠાકોર લક્ષ્મણજી ડાહ્યાજી, ઉ.વ. ૫૭, દેલવાડ, માણસા
- સ્વ. બિહોલા સજનબેન તખુજી, ઉ.વ. ૭૪, પાલજ નવા
- સ્વ. પુરી વિજય મોહન, ઉ.વ. ૭૯, સેકટર-૨૬

● રૂદ્રભૂમિ ●

- સ્વ. પટેલ જયંતિભાઈ મંગળદાસ, ઉ.વ. ૬૭, રાયસણ

# આજે અવકાશમાં ચંદ્ર, ગુરૂ, શુક્ર, શનિ, યુરેનશનો અદભૂત નજારો જોવા મળશે

ગાંધીનગર, તા.૧૧

આજે આકાશમાં ચંદ્ર, ગુરુ, શુક્ર, શનિ, યુરેનશનો અદભુત નજારો જોવા મળશે. સૂર્યાસ્ત પછી આકાશમાં ગ્રહોનો મેળાવડો જોવા મળશે. ટેલીસ્કોપથી યુરેનસ, નેપ્ચ્યુન, પ્લુટો આહલાદક દેખાશે. આજે અવકાશમાં ખગોળીય ઘટનાની વણજાર જોવા મળશે. નૈઋત્ય દિશામાં પાંચ ગ્રહો, બે મોટા એસ્ટોરોઈડ જોવા મળશે.

પૃથ્વીવાસીઓને સમયાંતરે આકાશમાં બનતી ખગોળીય ઘટના જોવા મળે છે. આકાશમાં ગ્રહણો, ગ્રહોની યુતિ, સંક્રમણ, સૂર્યાસ્ત બાદ બનતી ઘટનાઓ જોવા માટે ભારત જનવિજ્ઞાન જાથાની કચેરી નાગરિકોને અભિભૂત કરે છે. ટેલીસ્કોપ, સારા દૂરબીન, વિજ્ઞાન ઉપકરણથી ખગોળ વિષયક માહિતી આપવામાં આવે છે. આજે સૂર્યાસ્ત બાદ આકાશમાં ગ્રહોનો મેળાવડો જોવા મળવાનો છે. રાજયના નાગરિકોને અવકાશી ઘટના નિહાળવા જાથાએ અપીલ કરી છે.

સૂર્યાસ્ત પછી આકાશમાં ગ્રહોનો મેળાવડો જોવા મળશે : આજે સૂર્યાસ્ત પછી તુરંત આકાશમાં મંગળ ગ્રહ સિવાયના ગ્રહોનો મેળાવડો, શંભુમેળો અદભૂત, અલૌકીક જોવા મળવાનો છે. અમુક ગ્રહો ટેલીસ્કોપ, વિજ્ઞાન ઉપકરણથી અદભૂત જોઈ શકાશે. સૂર્યાસ્ત પછી ગ્રહોનો અસ્ત શુક્ર ગ્રહરાત્રીનાં ૮.૩૯ મિનિટ, ગુરુ ગ્રહ રાત્રિ ૧૧ કલાક સુધી, શનિ ગ્રહ રાત્રિના ૯.૪૫ સુધી, યુરેનસ મધ્ય આકાશમાં રાત્રિના ૯.૫૮થી સવારના ૪.૨૮ મિનિટ સુધી, નેપ્ચ્યુન સાંજે ૬.૪૯ થી અસ્ત રાત્રિના ૧૨.૪૭ મિનિટ, પ્લુટો રાત્રિના ૮.૩૮ મિનિટ સુધી જોવા મળશે. ચંદ્ર રાત્રિના ૧.૨૧ મિનિટ સુધી જોવા મળશે. નરી આંખે શુક્ર, ગુરુ, શનિ, ચંદ્ર જયારે ટેલીસ્કોપથી યુરેનસ, નેપ્યુન, પ્લુટો, અસ્ટોરોઈડ, ડ્રોપ, પ્લેનેટ, વેસ્ટા, સેવન ઈરીફ, ટવેન્ટી મેસાલીયા, થ્રી જુનો, ફોરટીન ઈરીમી અન્ય અસ્ટોરોઈડ જોવા મળશે.

રાજયમાં ચાર પાંચ મિનિટના તફાવતમાં ગ્રહોનો અસ્ત જોવા મળશે. જયારે અમદાવાદના નાગરિકો જનસમાજ સૂર્યાસ્તથી શરૂ થઈને રાત્રિના અસ્ત શુક્ર ગ્રહ ૮.૨૭ મિનિટ, ગુરુ ગ્રહ ૧૦.૫૧ મિનિટ, શનિ ગ્રહ ૯.૩૪ મિનિટ, ચંદ્ર રાત્રિના ૧ કલાક ૧૨ મિનિટ, યુરેનસ ૯ કલાક ૫૦ મિનિટ અસ્ત, પ્લુટો ૮ કલાક ૩ મિનિટ અસ્ત, અમદાવાદમાં મંગળ ગ્રહ સાંજે ૪ કલાક ૩૦ મિનિટે અસ્ત થઈ જશે તેથી જોવા નહીં મળે. રાજયના તમામ નાગરિકોને અવકાશી ઘટના નિહાળવા જાથાના રાજય ચેરમેન, એડવોકેટ જયંત પંડયાએ અપીલ કરી છે.